રાજ્ય પરીક્ષા બોર્ડ

સરકારી પુસ્તકાલય પાસે, સેકટર-૨૧, ગાંધીનગર - ૩૮૨૦૨૧

ફોન નંબર : (૦૭૯) ૨૩૨૪૮૪૬૧,૨૩૨૪૮૪૬૨ ઈ-મેઈલ એડ્રેસ : gseb21@gmail.com

"શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) – ૨૦૨૬ (ગુજરાતી માધ્યમ) ની મુખ્ય કસોટીનાં પરિણામ જાહેરનામું"

"Teacher Aptitude Test (Higher Secondary) – 2026 (Gujarati Medium) Mains Exam Result Notificaion"

ક્રમાંક:રાપબો/TAT-HS MAINS/પરિણામ/૨૦૨૬/૭૮૯૧-૯૫ તા:૦૬/૧૧/૨૦૨૬

શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2022/5921/G, તા:૨૯-૦૪-૨૦૨૩ તથા તેમાં થયેલ વખતોવખતનાં સુધારા ઠરાવથી ગુજરાત રાજ્યમાં નોંધાયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે નિમણૂંક મેળવવા માટેની જરૂરી લાયકાત મેળવવા આવશ્યક "શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક) (TAT-HS)" યોજવા માટે રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 અને મિશન સ્કુલ્સ ઓફ એકસલન્સના લક્ષ્યો મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુ સિદ્ધ કરવા માટે ઉમેદવારોની ક્ષમતા ચકાસવા માટે દ્વિસ્તરીય સ્વરૂપ સાથે 'શિક્ષક અભિરુચિ કસોટી'(Teacher Aptitude Test–TAT) નું આયોજન કરવાનું ઠરાવવામાં આવેલ છે.

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૦૫/૦૨/૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT-HS/૨૦૨૬/૨૦૪૨-૨૦૮૨ થી તા:૧૨/૦૪/૨૦૨૬ (રવિવાર) ના રોજ "શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) - ૨૦૨૬" ની પ્રાથમિક કસોટીનું આયોજન કરવામાં આવેલ હતું. જેનું પરિણામ જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT-HS/૨૦૨૬/૫૧૬૭-૭૧, તા:૧૬/૦૬/૨૦૨૬ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું. સદર પ્રાથમિક પરીક્ષામાં ગુજરાતી માધ્યમનાં કુલ – ૫૦૦૬૬ ઉમેદવાર મુખ્ય પરીક્ષા માટે ક્વોલીફાઈ થયેલ હતા.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા "શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) – ૨૦૨૬" (ગુજરાતી માધ્યમ) ની મુખ્ય કસોટીનું આયોજન તા:૦૮/૦૮/૨૦૨૬ નાં રોજ કરવામાં આવેલ હતું. જેનું પરિણામ આજે તા:૦૬/૧૧/૨૦૨૬ નાં રોજ નીચે મુજબની વિગતે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ક્રમ	માધ્યમ	હાજર ઉમેદવારની સંખ્યા	૨૦૦ ગુણમાંથી ૧૧૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા	૨૦૦ ગુણમાંથી ૧૨૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા	૨૦૦ ગુણમાંથી ૧૪૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા	૨૦૦ ગુણમાંથી ૧૬૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા	૨૦૦ ગુણમાંથી ૧૭૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા
૧	ગુજરાતી	47644	18057	9006	870	11	0

શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2022/5921/G, તા:૨૭/૦૧/૨૦૨૬ મુજબ સામાન્ય (જનરલ) કેટેગરીનાં ઉમેદવારનાં કિસ્સામાં મુખ્ય પરીક્ષામાં ઓછામાં ઓછા ૬૦% ગુણ મેળવેલ ઉમેદવારોનો મેરિટ લીસ્ટમાં સમાવેશ

કરવામાં આવશે જ્યારે અનુસુચિત જાતી, અનુસુચિત જનજાતી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ અને દિવ્યાંગ કેટેગરીનાં ઉમેદવારોના કિસ્સામાં મુખ્ય પરીક્ષામા ઓછામાં ઓછા ૫૫% ગુણ મેળવેલ ઉમેદવારોનો મેરિટ લીસ્ટમાં સમાવેશ કરવામાં આવશે. જેને ધ્યાને લેતા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારોનાં કિસ્સામાં ૧૨૦ ગુણ અથવા તેથી વધુ ગુણ મેળવનાર અને તે સિવાયની કેટેગરીનાં કિસ્સામાં ૧૧૦ ગુણ અથવા તેથી વધુ ગુણ મેળવનારનો સમાવેશ મેરિટમાં કરવાનો થાય. જે અંગેનું પરિણામ નીચે મુજબ છે.

NO	REGISTER	PRESENT	ABSENT	QUALIFIED	DISQUALIFIED
1	50066	47644	2422	16887	30754

❖ અગત્યની સૂચનાઓ:

- સદર પરિણામ અત્રેની કચેરીની વેબસાઈટ WWW.SEBEXAM.ORG પર ઉમેદવારનાં બેઠક નંબર અને જન્મ તારીખની મદદથી જોઈ શકાશે.
- પરીણામ બાબતે વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત તેમજ અન્ય વિગતોની ચકાસણી મુખ્ય પરીક્ષા બાદ ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ આખરી રહેશે.
- ભરતી અને મેરીટ સંબંધિત આનુસાંગિક બાબતો ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૨૯/૦૪/૨૦૨૩નાં ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/5921/G તેમજ વખતો વખતની સરકારશ્રીના ઠરાવોની જોગવાઈઓને આધિન રહેશે
- રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર – ૨૧, ગાંધીનગર ની વેબસાઈટ WWW.SEBEXAM.ORG પર તા:૧૮/૧૧/૨૦૨૬ થી તા: ૨૧/૧૧/૨૦૨૬ દરમિયાન ઓનલાઈન પોર્ટલ પર ગુણ ચકાસણીની અરજી કરી શકશે. (અરજી કરવાના સ્ટેપ્સની માહિતી હવે પછીથી વેબસાઈટ પર મુકવામાં આવશે)

નોંધ : સદર પરીક્ષાનું પરિણામ પ્રસિદ્ધ કર્યાની તારીખથી 3 (ત્રણ) મહિના બાદ પરીક્ષા સંબંધિત તમામ સાહિત્યનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવશે.

(પી.કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ: ગાંધીનગર
તા:૦૬/૧૧/૨૦૨૬

નકલ સવિનય જાણ સારૂ:

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્ય કક્ષાનાં શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, રા.ક. શિક્ષણ મંત્રીશ્રીનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન. અગ્રસચિવશ્રી, (પ્રા. અને મા. શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર – ૧૯, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ઉચ્ચત્તર માધ્યમિક અને ઉચ્ચત્તર ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર